ચાણક્ય ગ્રુપનું કડક અભિગમવાળું દૈનિક

ધી ન્યુઝલાઇન

વર્ષ : ૨૩ અંક ૧૩૫ તારીખ ૦૭-૦૨-૨૦૧૭ પાનાં : ૪ માલિક : જયની પબ્લીશર્સ તંત્રી : શ્રી રણછોડ એન. શાહ સહ તંત્રી : રાધિકા ગંજવાલા

આંતરરાષ્ટ્રીય સ્તરેથી પણ પોઝિટીવ સમાચારો

આંતરરાષ્ટ્રીય સ્તરેથી પણ પોઝિટીવ સમાચારો આવી રહ્યા છે અને સપ્તાહની શરૂઆતમાં આઈટી શેરોને કારણે જે નબળાઈ જોવાઈ હતી તે પણ દૂર થઈ છે. અમેરિકાના નવા પ્રમુખ એચવન-બી વિઝા ઉપર અંકુશ મૂકશે તે સમાચાર પાછળ આઈટી શેરોમાં મોટાં ગાબડાં પડ્યા હતાં, પરંતુ છેક ૨ દિવસ પછી ખબર પડી કે અમેરિકાના પ્રમુખે કોઈ એક્ઝિક્યુટીવ ઓર્ડર નથી કર્યો અને કેવળ કોઈ સાંસદ દ્વારા આ પ્રકારનો ઠરાવ એટલે કે દરખાસ્ત લાવવામાં આવી છે અને આ સમાચાર આવતાં આઈટી શેરોમાં ઉછાળો આવી ગયો હતો. તેવી જ રીતે ધી ન્યુઝલાઈનમાં ઘણાં વખતથી સન ટીવીનો શેર લેવાનું દર્શાવીએ છીએ અને તેમાં પણ મારન બંધુઓને કોર્ટ કેસમાંથી મુક્તિ મળતાં શુક્રવારે સન ટીવીના ભાવમાં તોતિંગ ઉછાળો જોવાયો હતો અને તેવો જ ઉછાળો **સીઈએસઈ**ના પરિણામો અગાઉ તે શેરમાં જોવાયો હતો, પરંતુ સન ટીવી અને સીઈએસઈ અત્યારે સારા એવા વધી ગયા છે અને તેથી આ બંને શેરોમાં પ્રોફીટ બુકીંગ કરી શકાય.

તેવી જ રીતે **ઈન્ડિયા સિમેન્ટ**નો શેર પણ છેલ્લાં ઘણાં સમયથી લગભગ દરેક વખતે ચાર્ટની રીતે લેવાનું દર્શાવ્યું છે અને અત્યારે આ શેર રૂ. ૧૬૨ ઉપર છે અને તે શેરમાં પણ પ્રોફીટ બુકીંગ કરી દેવાય.

યૂનિયન બેન્ક પણ સારો એવો વધીને રૂ. ૧૬૭ ઉપર આવી ગયો છે. હજી મધ્યમ ગાળે આ શેરમાં ઉછાળાની જગ્યા છે. પરંતુ તેમાં શોર્ટટર્મ ટોપ નજીકમાં હોવાથી પ્રોફીટ બુકીંગ માટે તૈયાર રહેવું.

હિંદુસ્તાન ઝીંકનો શેર પણ છેલ્લાં ઘણાં અંકથી દરેક વખતે વધશે તેમ દર્શાવીએ છીએ. હિંદુસ્તાન ઝીંક અત્યારે રૂ. ૩૨૧.૮૫ ઉપર છે અને તેમાં પણ ટોપ હવે નવા અઠવાડિયામાં આવી જશે અને તેથી તે શેરમાં પણ પ્રોફીટ બુકીંગ માટે તૈયાર રહેવું.

સોના સ્ટિયરીંગમાં પણ ભાવ સારો એવો વધ્યો છે અને તેમાં પણ પ્રોફીટ બુકીંગ કરી શકાય. જ્યારે રૂ. ૧૩૩ ઉપર આવી ગયેલા **બેન્ક ઓફ ઈન્ડિયા**માં ટૂંકા ગાળાનું ટોપ નજીક છે. લાંબાગાળે ભલે આ શેર હજી વધારે રિટર્ન આપે, પરંતુ કરેક્શન શરૂ થવાનું નજીકમાં છે અને તેથી રૂ. ૧૩૩વાળા આ શેરમાં પણ સાવધાન રહેવું સલાહભરેલ છે અને નવા અઠવાડિયામાં પણ તેમાં પ્રોફીટ બુકીંગને કારણે વેચવાલી ડ્યુ છે.

અદાણી પાવર રૂ. ૩૬.૬૫ ઉપર છે અને આગામી દિવસોમાં તે શેરમાં પણ મજબૂત ઉછાળાની જગ્યા છે. જ્યારે **એલએન્ડટી ફિનાન્સ હોલ્ડિંગ** રૂ. ૧૦૪.૭૦ ઉપર છે અને તે શેરમાં નવા અઠવાડિયા દરમ્યાન સુંદર ઉછાળા સાથે રૂ. ૧૧૦ના ભાવની સંભાવના મજબૂત છે અને તેથી રોકાણ હજી જાળવી શકાય.

આઈએફસીઆઈ રૂ. ૩૧.૭૫ ઉપર આવી ગયો છે અને તેમાં પણ પ્રોફીટ બુકીંગ ડ્યુ છે અને તેથી હવે નીકળવાની તૈયારી કરાય.

ફાર્મા કંપની **ગ્લેનમાર્ક**નો શેર અત્યારે રૂ. ૯૪૭ ઉપર છે અને તે શેરમાં પણ આગામી દિવસોમાં રૂ. ૧૦૧૧ના ભાવની સંભાવના મજબૂત છે.

અશોક લેલેન્ડ છેલ્લાં ઘણાં સમયથી કવર કરવાનું દર્શાવીએ છીએ. અત્યારે રૂ. ૯૪.૫૦ ઉપર આવી ગયેલા આ શેરમાં આંશિક પ્રોફીટ બુકીંગ ભલે કરી લો, પરંતુ બાકીના શેર જાળવી શકાય અને નજીકના દિવસોમાં જ આ શેરમાં રૂ.૯૮નો ભાવ આવી જવાની ગણતરી છે.

તેવી જ રીતે રૂ. ૧૩૬૪ના ભાવના **સુંદરમ્ ફિનાન્સ**ના શેરમાં મજબૂત ઉછાળાની જગ્યા અને નજીકના દિવસોમાં જ આ શેરમાં રૂ. ૧૪૩૬નો ભાવ જોવા મળે.

તેવી જ રીતે દક્ષિણ ભારતની **રાજ ટીવી**ના શેરમાં પણ આકર્ષણ વધ્યું છે. રાજ ટીવી અત્યારે રૂ. ૬૫.૯૫ ઉપર છે અને તેમાં ટેકઓવર કે એવા કોઈ સમાચાર આવી જાય તોપણ નવાઈ નહીં લાગે. ઉપરમાં રૂ. ૮૪ના ભાવની ગણતરી.

એનએમડીસી કવર કરી શકાય. આયર્નઓરના ભાવ સતત વધી રહ્યા છે અને તેથી કંપનીનો નફો પણ વધશે. રૂ. ૧૪૮વાળા આ શેરમાં આગામી દિવસોમાં રૂ. ૧૫૪નો ભાવ મળવાની ગણતરી અને તેથી થોડાંક શેર ૪થી ૮ અઠવાડિયા માટે લઈને મૂકી દેવાય. તેવી જ રીતે **યુપીએલ** એટલે કે યુનાઈટેડ ફોસ્ફરસનો શેર અત્યારે રૂ. ૭૩૮ ઉપર છે અને આ શેર લાંબી તેજીમાં દાખલ થયો છે. હાલના તબક્કે થોડું રોકાણ કરી શકાય.

ટાટા ગ્લોબલ રૂ. ૧૪૧.૮૫ તો આવી ગયો અને નવા અઠવાડિયા દરમ્યાન આ શેરમાં રૂ. ૧૪૪ના ભાવની સંભાવના દેખાય છે અને તે પછી ટાટા ગ્લોબલમાં પ્રોફીટ બુકીંગ કરી શકાય.

બાયોકોન અત્યારે રૂ. ૧૦૫૭ ઉપર ચાલી રહ્યો છે અને હજી આ શેરમાં નાના ઉછાળાની જગ્યા બાકી છે. પરંતુ એકંદરે શેર ટોપની નજીક છે તે ખાસ ધ્યાનમાં રાખવું.

સાઉથ ઈન્ડિયન બેન્ક રૂ. ૨૨.૩૫ ઉપર આવ્યો છે અને આગામી દિવસોમાં આ શેરમાં રૂ. ૨૪ના ભાવની સંભાવના દેખાય છે.

શોર્ટટર્મ ખેલાડીઓનું ફોકસ આ તબક્કે **રિલાયન્સ ઈન્ફ્રા**ના શેર ઉપર શિફ્ટ થઈ ગયું છે. બજેટમાં લશ્કરી ખરીદી માટેના મોટા એલોકેશનનો ફાયદો આ કંપનીને મળશે અને તેથી રૂ. ૫૩૮વાળો આ શેર આવતાં થોડાં દિવસોમાં રૂ. ૫૮૮ના લેવલ ઉપર આવી જવાની સંભાવના મજબૂત છે અને તે શેર ઉપર ફોકસ કરી શકાય. જ્યારે **ગોદરેજ ઈન્ડસ્ટ્રી** અત્યારે રૂ. ૪૮૬ ઉપર છે અને તેમાં પણ પ્રોફીટ બુકીંગ માટે તૈયાર રહેવું.

પાવર કંપની **એનએચપીસી** અત્યારે રૂ. ૩૦.૮૦ ઉપર છે અને આવતાં થોડાં દિવસોમાં તેમાં રૂ. ૩૨.૮૦ના ભાવની ગણતરી છે.

આઈઆરબી ઈન્ફ્રા રૂ. ૨૩૪ ઉપર ચાલી રહ્યો છે. બજેટમાં રોડ પ્રોજેક્ટો માટે જે જાહેરાતો આવવાની હતી તે આવી ગઈ છે અને તેથી હવે કોઈ મોટું ટ્રીગર નથી રહ્યું. હવેના તબક્કે આ શેરમાં ઉછાળા માટે તૈયાર રહેવું.

રિલાયન્સ પાવરમાં નવું આકર્ષણ શરૂ થયું છે. અત્યારે રૂ. ૪૬.૧૦ ઉપર છે અને આવતાં થોડાં દિવસોમાં જ આ શેરમાં રૂ. ૫૦નો ભાવ જોવા મળવાની ગણતરી છે. પરંતુ નવા ન લેવાય અને અગાઉ ગળે પડી ગયેલો માલ કાઢવા માટે જ તત્પર રહેવું. અગાઉ પણ આ ગ્રૂપના ત્રણેય શેરોમાં ભાવને થોડો ઉંચકીને ફરી તોડી નાંખવાની વ્યૂહરચના જોવા મળી છે.

જીએમઆર ઈન્ફ્રા અત્યારે રૂ. ૧૩.૭૦ ઉપર છે અને તેમાં આગામી દિવસોમાં રૂ. ૧૪.૭૦ના ભાવની સંભાવના મજબૂત છે. જ્યારે રૂ. ૪૯૦ ઉપરની **રિલાયન્સ કેપિટલ**માં શોર્ટટર્મમાં જ રૂ. ૫૧૫-૫૨૫ના ભાવની ગણતરી છે. રિલાયન્સ કેપિટલમાં શોર્ટટર્મ કામકાજ માટે થોડું એક્સપોઝર લેવાય.

જસ્ટડાયલમાં શોર્ટટર્મ આકર્ષણ વધ્યું છે અને તેમાં રૂ. ૩૭૯ના ભાવે એકદમ થોડાં શેરો લઈ શકાય. ફંડામેન્ટલ રીતે આ શેરમાં કસ ના હોવાથી તેમાં મોટું જોખમ લેવું સલાહભરેલ નથી.

ટીવીએસ મોટર્સ અત્યારે રૂ. ૩૯૧ ઉપર છે અને તે શેરમાં પણ રોકાણ જાળવી શકાય. જ્યારે **કર્ણાટક બેન્ક**નો રૂ. ૧૨૦વાળો શેર હજી સુંદર ઉછાળાની જગ્યા દર્શાવે છે અને તેથી તે શેરમાં રોકાણ જાળવી શકાય. આગામી દિવસોમાં ધીરે ધીરે વધીને આવતાં ૧-૨ મહિનાઓમાં રૂ. ૧૪૦નો ભાવ જોવા મળે તે સંભાવના મજબૂત છે.

રૂ. ૯૬૭ ઉપરના **ઈન્દ્રપ્રસ્થ ગેસ**ના શેરમાં હજી પણ રોકાણ જાળવી શકાય અને આગામી દિવસોમાં આ શેર ધીમા સુધારા સાથે રૂ. ૧૦૪૭નો ભાવ બતાવશે.

પેટ્રોનેટ એલએનજી અત્યારે રૂ. ૩૮૬ ઉપર છે અને તે શેરમાં આકર્ષણ વધ્યું છે. એલએનજી ઉપરની ડ્યૂટી ઘટાડતાં માંગ વધે અને નફો વધે તે ગણતરી છે અને તેથી શેર જાળવી શકાય.

રૂ. ૬૨.૪૦ ઉપરની **જેએસડબલ્યુ એનર્જી**માં લાંબી તેજીની જગ્યા દેખાય છે અને તેથી શેર જાળવી શકાય.

વોલ્ટાસ અત્યારે કરેક્શનના તબક્કામાં છે અને તેથી રૂ. ૩૩૦વાળા શેરમાં હજી વધારે ભાવ તૂટે અને રૂ. ૩૦૦ની નજીક શેર આવી જાય તે સંભાવના મજબૂત. રોકાણ હોય તો હાલના તબક્કે કાઢી નાંખવું.

ટાટા કેમિકલ્સ રૂ. ૫૬૦ ઉપર આવ્યો છે અને ટાટા કેમિકલ્સમાં હવે શોર્ટટર્મ ટોપની નજીક ભાવ હોવાથી તેમાં પ્રોફીટ બુકીંગ શરૂ કરતાં જવું. હજી નાના ઉછાળાની જગ્યા બાકી છે.

રૂ. ૪૯૩ના ભાવે **બાટા ઈન્ડિયા**ના શેરમાં પણ ખૂબ સુંદર ઉછાળો બેસે છે અને તેથી થોડાંક શેર લઈને મૂકી દેવાય. આગામી દિવસોમાં બાટાના શેરમાં રૂ. ૫૨૦-૫૩૦ના ભાવની ગણતરી છે.

જૈન ઈરિગેશન રૂ. ૯૬ ઉપર આવ્યો છે અને ગ્રામ્ય એલોકેશનો તેમજ સિંચાઈ માટે જે એલોકેશન આવ્યું છે તેનો સુંદર ફાયદો આ શેરને મળી શકશે. શેર લાંબી તેજીમાં દાખલ થાય તેવા સંકેત છે.

ભારત સરકારની **એમટીએનએલ** વધીને રૂ. ૨૪.૩૫ ઉપર આવ્યો અને તેમાં હજી નાના ઉછાળાની જગ્યા બાકી છે. પરંતુ ટોપ નજીક છે તે પાસું ધ્યાનમાં રાખવું. જ્યારે **બ્લ્યૂબેન્ડ પેટ્રો**નો શેર રૂ. ૫૬.૫૦ ઉપર છે અને તેમાં પણ ખૂબ સુંદર વૃદ્ધિની જગ્યા છે. ઝડપી ફરનારને રૂ. ૫-૭નું રિટર્ન થોડાં દિવસોમાં જ મળી શકે.

એક્શન કન્સ્ટ્રક્શનનો શેર અત્યારે રૂ. ૫૩ ઉપર ચાલી રહ્યો છે. આ કંપની કન્સ્ટ્રક્શન ઈક્વિપમેન્ટ ભાડે આપવાનું કામ કરે છે અને તેથી બજેટ પછી તેનો બિઝનેસ પણ વધવાનો. રૂ. ૫૩ના ભાવે થોડાંક શેરો લઈને મૂકી દેવાય.

રિલાયન્સ કોમ્યુનિકેશનમાં સટ્ટાકીય કામકાજ શરૂ થયું છે. શેર અત્યારે રૂ. ૩૬.૬૫ ઉપર છે અને જોરદાર વોલ્યુમ સાથે તેમાં રૂ. ૪૦ પ્લસનો ભાવ આવી જવાની ગણતરી છે.

તેવી જ રીતે **ઈન્ડોરામા સિન્થેટિક** અત્યારે રૂ. ૩૫.૮૫ ઉપર છે અને તેમાં પણ મજબૂત વૃદ્ધિની જગ્યા છે.

ઓરિએન્ટ એબ્રેસિવ અત્યારે રૂ. ૩૭.૪૦ ઉપર ચાલી રહ્યો છે અને આગામી દિવસોમાં તે શેરમાં ઝડપથી રૂ. ૪૦ ઉપરના ભાવની સંભાવના. **નેશનલ ફર્ટિલાઈઝર**નો શેર અત્યારે રૂ. ૬૧.૨૫ ઉપર ચાલે છે અને તે શેરમાં પ્રોફીટ બુકીંગ શરૂ કરતા જવાય અને તેવી જ રીતે **આંધ્ર સિમેન્ટ**ના શેરમાં પણ હવે પ્રોફીટ બુકીંગ કરાય.

રૂ. ૧૦૨માં મળતો **ગ્રેફાઈટ ઈન્ડિયા**નો શેર આકર્ષક છે અને નજીકના દિવસોમાં જ આ શેરમાં મજબૂત ઉછાળા સાથે રૂ. ૧૧૦-૧૧૨ના ભાવની ગણતરી.

જિંદાલ સ્ટીલ એન્ડ પાવર અત્યારે રૂ. ૧૯૧ ઉપર છે અને તેમાં પણ આકર્ષણ વધ્યું છે. જેટલીસાહેબ કે મોદીભાઈ સિગારેટ નથી પીતા, પરંતુ બજેટમાં સિગારેટ બનાવતી આ કંપનીને કરવેરાનો નવો બોજો ના આપીને આડકતરી રીતે રાહત આપે તેવી ગણતરી છે અને તેથી અત્યારના રૂ. ૨૫૯ના ભાવે આઈટીસીના શેરમાં રૂ. ૧૦ની નોટ મળવાની જગ્યા. નજીકના દિવસોમાં રૂ. ૨૭૦-૨૭૨નો ભાવ જોવા મળે. મોટા શેરોની વાતો કરીશું, પરંતુ તે પહેલાં નાના શેરોની ચર્ચા કરી નાંખીએ

આરસીએફ રૂ. ૬૦ ઉપર છે અને લાંબી તેજીમાં દાખલ થયો છે.

- **બેન્ક ઓફ ઈન્ડિયા,** રૂ. ૧૧૪માં લેવડાવેલો અને થોડાં દિવસોમાં જ રૂ. ૧૩૧ થયો છે. શોર્ટટર્મ ટોપની નજીક આવી ગયો છે અને તેથી પ્રોફીટ બુકીંગ માટે તૈયાર રહેવું.
- **આઈએફબી ઈન્ડસ્ટ્રી,** થોડાં દિવસોમાં જ આ શેરમાં તોતિંગ ઉછાળો જોવાયો અને રૂ. ૫૯૬ના ભાવે નફો ઘરમાં લાવવામાં જ સલામતી. આવો ચાન્સ વારંવાર ના મળે.
- **કોપરાન,** બલ્ક ડ્રગનું ઉત્પાદન અને શેર અત્યારે રૂ. ૫૭.૬૦ ઉપર છે. ઝડપી ફરનારને રૂ. ૫ની નોટ આપી જાય.
- **ઓરિએન્ટ એબ્રેસિવ,** છેલ્લાં થોડાં દિવસોમાં સારો એવો વધ્યો. રૂ. ૩૭.૪૦ ઉપર આવ્યો છે અને હજી પણ રૂ. ૪૦-૪૨ના ભાવની ગણતરી.
- **રિલાયન્સ કોમ્યુનિકેશન,** વોડાફોન અને આઈડિયાના મર્જરની વાત પછી આ શેરમાં પણ આકર્ષણ વધ્યું. ફંડામેન્ટલ રીતે કસ નથી, પરંતુ આ શેરમાં પણ કોઈક પોઝિટીવ શેરની સંભાવના. રૂ. ૩૬.૬૫થી વધીને રૂ. ૪૦-૪૨નો ભાવ જોવા મળે.
- **રામા સ્ટીલ,** રૂ. ૧૨૨વાળા આ શેરમાં સટ્ટાકીય ઉછાળાની જગ્યા. વધારે રોકાણ ના કરવું. વીસેક શેરનું કામકાજ કરી શકાય.
- **જીએમઆર ઈન્ફ્રા,** સહેજ વધીને રૂ. ૧૩.૭૦ ઉપર આવ્યો છે અને નવા અઠવાડિયામાં રૂ. ૧૪.૭૦નો ભાવ જોવા મળવાની સંભાવના મજબૂત છે.
- **સન ટીવી,** ઘણાં સમયથી લેવડાવેલો. મારણ બંધુઓને કેસમાંથી મુક્તિ અને રૂ. ૬૮૩ના ભાવે આ શેરમાં પણ રોકડી કરીને તમે પણ મુક્ત થઈ જાવ.
- **કેઇઆઈ ઈન્ડસ્ટ્રી,** રૂ. ૧૬૮ ઉપર આવી ગયો. સારો એવો ચાલી ગયો છે અને હવે આ શેરમાં નફો ઘરમાં લાવવો સલાહભરેલ.
- **કેસીપી સુગર,** રૂ. ૩૭.૪૦વાળા આ શેરમાં જોવાતું આકર્ષણ અને આગામી દિવસોમાં બીજા રૂ. ૫ વધવાની ગણતરી.
- **યૂનિયન બેન્ક,** છેલ્લાં થોડાં દિવસોમાં સારો એવો વધ્યો. રૂ. ૧૬૭ ઉપર આવેલા આ શેરમાં હજી રૂ. ૫ વધવાની જગ્યા, પરંતુ ટોપ નજીકમાં હોવાથી નફો બુક કરવા માટે તત્પર રહેવું.
- **ઈન્ડિયા સિમેન્ટ,** રૂ. ૧૦૫માં લેવડાવેલો. રૂ. ૧૬૨ થઈ ગયો અને તેથી ૫૦ ટકા રિટર્નથી ખુશ થઈ જઈ રોકડી કરી નાંખવી સલાહભરેલ.
- **હેવલ્સ,** રૂ. ૪૨૧ ઉપર આવ્યો છે અને હજી આ શેરમાં નાના ઉછાળાની જગ્યા. થોડો સમય શેર પકડી રાખવા ખોટા નહીં.
- **એલએન્ડટી ફિનાન્સ હોલ્ડિંગ,** છેક રૂ. ૭૨-૭૪થી લેવડાવેલો. અત્યારે રૂ. ૧૦૪ થયો. અડધા શેરોમાં રોકડી કરી બાકીના શેરો થોડાં દિવસ માટે જાળવી શકાય અને એક ઝડપી ઉછાળે રૂ. ૧૧૦ સુધીના ભાવની સંભાવના.
- **અશોક લેલેન્ડ,** રૂ. ૯૪ ઉપર આવ્યો છે અને હવેના રૂ. પના ઝડપી ઉછાળે થોડુંક પ્રોફીટ બુકીંગ કરવું.■ **હિંદુસ્તાન ઝીંક**, ઝીંકમાં જોરદાર તેજી છે. પરંતુ બજેટમાં આ કંપનીમાંનું સરકારનું હોલ્ડિંગ વેચવાની વાત આવશે. રૂ. ૨૯૫ના ભાવે વધારે નહીં તો ૫૦ શેર લઈને મૂકી દેવાય અને આગામી દિવસોમાં રૂ. ૩૨૦-૩૩૦ના ભાવની ગણતરી.
- **સીઈએસઈ**, છેલ્લાં થોડાં સમયથી ભેગા કરવાનું કહીએ છીએ. રૂ. ૬૯૭ ઉપર તો આવી ગયો અને આવતાં થોડાં દિવસોમાં પરિણામોનો મજબૂત સપોર્ટ મળતાં રૂ. ૭૨૦ આસપાસનો ભાવ જોવા મળે.
- **રિલાયન્સ ઈન્ફ્રાસ્ટ્રક્ચર**, બજેટમાં લશ્કરના ઓર્ડરોની વાત પણ આવવાની અને લશ્કરનું બજેટ પણ વધશે. રૂ. ૫૧૫ના ભાવે આ શેર જાળવી રખાય અને આવતાં થોડાં દિવસોમાં રૂ. ૫૩૦ આસપાસના ભાવની સંભાવના મજબૂત છે.■

આઈડીબીઆઈ, જેટલીભાઈ આ છોકરીને પરણાવી દેવા તત્પર છે. ગયા બજેટમાં તો જાહેરાત કરેલી અને આ બજેટમાં પણ તે માટેની ઘોષણા કરશે. રૂ. ૭૬ના ભાવે થોડાંક શેરો લઈને મૂકી દો અને ઉપરમાં રૂ. ૮૨-૮૪ના ભાવની ૨ અઠવાડિયામાં ગણતરી.

- **અશોક લેલેન્ડ**, આ કંપનીની ટ્રકો ઝડપથી દોડે છે, પરંતુ શેરમાં ધીમી ચાલ. સહેજ વધીને રૂ. ૮૬ ઉપર આવ્યો છે. અકળાઈને વેચી નહીં મારતા. આવતાં થોડાં દિવસોમાં રૂ. ૯૬ના ભાવની સંભાવના મજબૂત.
- **જિંદાલ સ્ટીલ એન્ડ પાવર**, નેગેટિવ સેન્ટીમેન્ટને કારણે ગયા વર્ષે એકદમ તોડી નાંખેલો, પરંતુ અત્યારે આ શેરમાં ઈન્વેસ્ટર લેવાલી વધતી જાય છે અને અત્યારે રોજનું ૮૦ લાખ શેરોનું વોલ્યુમ છે. અત્યારે રૂ. ૭૮-૭૯ના ભાવે મોડું નથી થયું. વધારે નહીં તો ૧૦૦-૨૦૦ શેર લઈને મૂકી દેવાય અને ઉપરમાં રૂ. ૧૦૦ પ્લસના ભાવની ગણતરી.
- **અદાણી પાવર**, રૂ. ૩૬-૩૭ થઈને અત્યારે રૂ. ૩૪.૭૫ ઉપર મળી રહ્યો છે અને અત્યારે આ શેરમાં ૧૨૦ લાખ શેરોનું રોજનું કામકાજ. બજેટમાં પાવર સેક્ટર માટે જાહેરાતો આવવાની અને અદાણી પાવર પણ વધશે. ૫૦ પૈસાના જોખમ સામે આ શેરમાં રૂ. ૨ વધીને રૂ. ૩૬-૩૭ના ભાવની સંભાવના મજબૂત.
- **કર્ણાટક બેન્ક**, રૂ. ૧૨૦ના ભાવે ધ્યાનમાં રાખજો અને આગામી દિવસોમાં આ શેરમાં સુંદર ઉછાળાની જગ્યા. ઉપરમાં રૂ. ૧૩૦નો ભાવ જોવા મળે.
- **ઈન્ડિયા સિમેન્ટ**, રૂ. ૧૩૯ ઉપર આવેલા આ શેરમાં રોજનું ૪૫ લાખ શેરોનું જોરદાર વોલ્યુમ. થોડાં શેરો લઈને મૂકી દેવાય. બજેટ પછી સિમેન્ટની માંગ વધવાની અને તે પાછળ આ શેરમાં રૂ. ૧૫૦-૧૫૫ના ભાવની ગણતરી.■

ટાટા ગ્લોબલ, રૂ. ૧૨૭-૧૨૮ ઉપર આવ્યો છે અને આ શેરમાં અસલ મુજબની ચાલ શરૂ થઈ ગઈ. રૂ. ૧૧૭ ઉપર આવે અને તે પછી ધીરે ધીરે રૂ. ૧૪૦નો ભાવ બતાવે અને ફરી પાછો રૂ. ૧૧૭ ઉપર આવી જાય. અત્યારે રૂ. ૧૨૭-૧૨૮માં આકર્ષક અને થોડાં દિવસોમાં ૧૦ ટકા વધવાની જગ્યા.

- **બાયોકોન**, રૂ. ૯૯૯ના ભાવે જળવાઈ રહ્યો છે. વેચી નાંખવાની ઉતાવળ ના કરાય. કેટલીક જોરદાર દવાઓનું અમેરિકામાં એફડીએ દ્વારા ટેસ્ટિંગ થઈ રહ્યું છે. જાહેરાત નજીકના મહિનાઓમાં ડ્યુ છે. નજીકના દિવસોમાં રૂ. ૧૦૧૦ અને તે પછી રૂ. ૧૧૧૧ થોડાં અઠવાડિયાઓ પછી જોવા મળવાની ગણતરી.

શાંત ચિત્ત માટે મગજને સતેજ રાખે તેમજ ચિંતા, અકળામણ, ગુસ્સો દૂર કરે તે માટે વૈજ્ઞાનિક ઢબે તૈયાર થતું ક્રોસવર્ડ મેગેઝીન

મગજમારી ભેજામારી

નિવૃત્ત લોકો, ગૃહિણીઓ, બાળકો, ચાલીસીમાં પ્રવેશી ચૂકેલાઓ માટે બેસ્ટ

દર બુધવારે, કોપી બુક કરવો

DYNAMIC INDUSTRIES LIMITED

CIN : L24110GJ1989PLC011989
Plot No. 5501/2, Phase III, Nr. Trikampura Cross Road, G.I.D.C., Vatva, Ahmedabad - 382 445
Tel : 25897221-22-23, Fax: 25834292
Email : accounts@dynaind.com Website : www.dynaind.com

સૂચના

સેબી (લીસ્ટિંગ ઓબ્લિગેશન ઍન્ડ ડિસ્કલોઝર રિક્વાઈર્મેંટ) રેગ્યુલેશન્સ,૨૦૧૫ ના નિયમ ૪૭(૧)(એ) મુજબ,આથી સૂચના આપવામાં આવે છે કે કંપનીના બોર્ડ ઓફડાઈરેક્ટર્સની મીટિંગ ૧૪મી ફેબુઆરી,૨૦૧૭,મંગળવારના રોજ સાંજે ૫:૦૦કલાકે કંપનીની રજિસ્ટર્ડ ઓફીસ પર યોજાશે.જેનો હેતુ ૩૧મી ડિસેમ્બર,૨૦૧૬ના રોજ પૂર્ણ થયેલા ત્રિમાસિક/નવ મહિનાનાં સમયગાળા અન-ઓડીટેડ એકલ નાણાકીય પરિણામો ધ્યાનમાં લેવાનો અને મંજૂર કરવાનો છે.વધુ વિગતો કંપની ની વેબસાઈટ http://dynaind.com/investors_zone.html અને બીએંસઈની વેબસાઈટ www.bseindia.com/stock-share-price/dynamic-industries-ltd/dynamind/524818/ પર મળશે.

બોર્ડ ઓફ ડિરેક્ટર્સ ના હુકમથી
સહી/-
હર્ષ રમેશભાઈ હીર્પરા
કંપની સેક્રેટકરી

સ્થળ: અમદાવાદ
તારીખ :૬ ફેબુઆરી,૨૦૧૭

SHAH FOODS LIMITED

CIN : L15419 GJ 1982 PLC 005071
Regd. Office : Kalol Mehsana Highway, PO.-Chhatral, Tal.-Kalol, Dist.-Gandhinagar-382729
Telephone 079 26448371 , 02764233931 email : shahfoods.ahmedabad@gmail.com

EXTRACT OF STANDALONE UNAUDITED FINANCIAL RESULTS FOR THE QUARTER AND NINE MONTHS ENDED 31st DECEMBER, 2016

(Rs. in lacs)

PARTICULARS	Quarter ending 31/12/2016	Nine Months ending 31/12/2016	Quarter ending Previous Year 31/12/2015
Total income from operations (net)	117.99	380.78	124.24
Net Profit / (Loss) from ordinary activities after tax	-1.28	17.35	1.33
Net Profit / (Loss) for the period after tax (after Extraordinary items)	-1.28	17.35	1.33
Equity Share Capital	59.75	59.75	59.75
Reserves (excluding Revaluation Reserve as shown in the Balance Sheet of previous year)	122.57	122.57	98.51
Earnings Per Share (before extraordinary items) (of ' /- each)	-0.21	2.90	0.22
· Basic :			
· Diluted:			
Earnings Per Share (after extraordinary items) (of ' /- each)	-0.21	2.90	0.22
· Basic :			
· Diluted :			

Notes :

1. The above results were reviewed by the Audit Committee on Monday, 06/02/2017 and taken on record by Board of Directors of the Company at its meeting on Monday, 06/02/2017. The above results have been reviewed by the statutory auditors of the Company.
2. The above is an extract of the detailed format of Quarterly/Nine months Financial Results filed with the Stock Exchanges under Regulation 33 of the SEBI (Listing and Other Disclosure Requirements) Regulations, 2015. The full format of the Quarterly/ Nine months Financial Results are available on the Stock Exchange website www.bseindia.com and on the Company's website www.shahfoods.com.

For, Shah Foods Limited
Sd /-
Nirav J. Shah
Managing Director
DIN : 01880069

Date : 06-02-2017
Place : Ahmedabad